


## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કોરોના વાયરસ ની લડતમાં મુખ્ય મંત્રી રાહતનિધિ ફંડમાં રૂપિયા ૧૦ લાખ નું ડોનેશન આપવામાં આવ્યું.

સમગ્ર વિશ્વની સાથો સાથ ભારત દેશ કોરોના વાઈરસની મહામારી સાથે લડત આપી રહયું છે. તેમજ ગુજરાત રાજયમાં પણ કરોનાનો કહેર પ્રસરી રહયો છે. આ કોરોનાની મહામારીને પહોંચીવળવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું છે અને તેનો અમલ પણ થઈ રહયો છે. આ લોકડાઉન દરમ્યાન દરેકને જીવન જરૂરી ચીજ વસ્તુઓ મળી રહે તેવી સરકાર તરફથી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે. જે બદલ વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને અભિનંદન પાઠવે છે અને કોરોના વાઈરસની મહામારી સામેની લડતમાં મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં રૂા.૧૦ લાખનું ડોનેશન આપી નૈતિક ફરજ બજાવી સહયોગ આપેલ છે.